વડીલોને વંદન અભિનંદન

પુષ્પાબેન કનૈયાલાલ દવે
(૧૯૩૯)મો.૯૮૨૪૦૨૪૭૧૮

પ્રદીપ શર્માની ધરપકડ કરવાના પગલાને યોગ્ય ઠેરવતા રાજ્યગૃહમંત્રી

ગાંધીનગર, તા. ૩૦

પ્રદિપ શર્મા સામે ભરવામાં આવેલ પગલાને રાજયના ગૃહ રાજયમંત્રીએ યોગ્ય ઠેરવ્યા હતા.

કચ્છમાં જિલ્લા કલેક્ટર તરીકે પ્રદીપ શર્મા ફરજ બજાવી રહ્યા હતા તે દરમ્યાન તેમણે વેલસ્પન કંપનીને જમીન ફાળવણીમાં આર્થિક લાભ મેળવ્યો હોવા અંગે ઈ.ડી. દ્વારા કેસ કરવામાં આવ્યા બાદ આજે રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ આ કેસમાં તેમની સામે ગુનો નોંધીને ધરપકડ કરી હતી.

પ્રદીપ શર્માની એસીબી દ્વારા કરવામાં આવેલી ધરપકડ અંગેની પ્રતિક્રીયા આપતા રાજ્યના ગૃહ રાજ્યમંત્રીએ શર્માની ધરપકડના પગલાને યોગ્ય ઠેરવીને જણાવ્યું હતું કે એક કરતા વધુ કારણો ધરપકડ માટે જવાબદાર છે.

તેમણે જણાવ્યુ હતુ કે પ્રદીપ શર્મા સાથે સંકળાયેલા લોકોને પણ બક્ષવામાં નહી આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે વેલસ્પન કંપનીને ફાળવવામાં આવેલી જમીનમાં ગેરરીતીના કેસમાં ઈ.ડી. દ્વારા પ્રદીપ શર્મા સામે કેસ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમજ તેમની દહેગામ ખાતે આવેલી જમીન અને ગાંધીનગર સ્થિત બંગલાને ટાંચમાં લેવામાં આવ્યો હતો

એસીબી દ્વારા પ્રદીપ શર્માની આજે વહેલી સવારે તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નવરાત્રિ પર્વને કારણે બાગ બગીચાઓ સુમસામ છે. જયાં માનવ મહેરામણ છલકાતો હોય તેવા સેકટર-૨૮નાં બગીચામાં ખાલીપો વર્તાય છે. સહેલાણીઓ માટે તળાવ પણ ખાલી છે. સર્વત્ર દિવસ દરમિયાન શાંતિ અને રાત્રિ દરમિયાન ધમધમાટ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

નવરાત્રીમાં 'સાવચેતીના પગલા' પર સમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૩૦

માં આદ્યશકિતની આરાધના એટલે કે નવરાત્રી પર્વની ઉજવણી ધામધૂમપૂર્વક ચાલી રહી છે. ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબે ઘુમી રહ્યા છે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા નવરાત્રી દરમિયાન સાવચેતીના પગલા માટે સેમિનાર યોજવામાં આવ્યો હતો. નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

નવરાત્રીના નવ દિવસની યુવાનો રંગે ચંગે ઉજવણી કરતા હોય છે. આ દિવસોમાં યુવાનોને ફકત ગરબાનું મેદાન જ દેખાતું હોય છે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા નિરમા યુનિવર્સિટીના ડિપ્લોમા ઈ.સી.માં અભ્યાસ કરતા ૧૦થીવધુ વિદ્યાર્થીઓને સાવચેતીના પગલા માટેનો માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

સુરક્ષા સેતુ અંતર્ગત પી.આઈ. પ્રવિણચંદ્ર વાલેરાએ સેલ્ફ ડીફેન્સની વિવિધ માહિતી આપી હતી. મહાવીર નિમાવતે બચાવ માટેની વિવિધ ટેકનીકો બતાવી હતી. આ સેમિનારમાં અંજના નિમાવત, વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા.

ભવાની શંકર ગોરનું દુ:ખદ અવસાન

નાણાં વિભાગના નિવૃત્ત સેક્શન અધિકારી ભવાની શંકર પ્રા. ગોર (બાવાભાઈ)નું આજે ટુંકી માંદગી બાદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની આજે નિકળેલ અંતિમયાત્રામાં વિવિધ વિભાગોના કર્મચારી અગ્રણીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વર્ગસ્થ તેમની પાછળ છ પુત્રો અને બે પુત્રીઓને વિલાપ કરતા છોડી ગયા છે. કચ્છથી ૧૯૭૨ માં ગાંધીનગર ખાતે સ્થાયી થયેલા બાવાભાઈના હુલામણા નામથી તેમને આગવી ઓળખ પ્રસ્થાપિત કરી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

ચોમાસામાં પડેલા સારા વરસાદને કારણે શહેરમાં સેકટરોમાં રસ્તાની બંને બાજુ પુષ્કળ ઘાસ ઉગી નીકળેલ હતું. જેની તંત્ર દ્વારા સાફ સફાઈ હાથ ધરવામાં આવી છે અને વધારાની ઝાડી ઝાંખરા પણ દૂર કરાઈ રહ્યા છે.

જિલ્લા પોલીસે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઈન્દ્રોડાની ગંદકી સાફ કરી

ગાંધીનગર, તા.૩૦ આર.આર. ભગતની નીચે પોલીસ ટ્રેકટરો, જેસીબી જેવા સાધનોથી તથા

સ્વચ્છ ભારત અભિયાન અન્વયે ગાંધીનગર રેન્જ પોલિસ વડા વિભાગ દ્વારા પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરી સમગ્ર ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા તા. ૨૭-૯-૨૦૧૪ તથા તા. ૨૮-૯-૨૦૧૪ના રોજ ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન બિલ્ડીંગ, કંપાઉન્ડ તથા પોલીસ લાઈનની સાફ સફાઈ તેમજ જિલ્લા પોલીસ હેડકવાર્ટર ખાતે પોલીસ અધિક્ષકની કચેરી ખાતે આવેલી શાખાઓમાં સાફ સફાઈનું અભિયાન પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દરેક પોલીસ સ્ટેશન તથા આજુબાજુના વિસ્તારમાં સ્થાનિક કોર્પોરેશન, નગરપાલિકા કે પંચાયતના અધિકારીથી માંડી તમામ કર્મચારીઓ પાવડા, ત્રિકમ તેમજ અન્ય લોખંડના સળિયા તથા સાવરણી સાવરણાનો ઉપયોગ કરી સામુહિક શ્રમદાન કરી મોટા પ્રમાણમાં ઘનકચરાનો નિકાલ કરી સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધેલ. શ્રી શરદ સિંઘલ, પોલીસ અધિક્ષક, ગાંધીનગરનાઓએ સે-૭ પોલીસ સ્ટેશન ખાતે હાજર રહી સ્વચ્છતાં અભિયાનમાં જોડાઈ પોલીસ અધિકારી/કર્મચારીઓનો ઉત્સાહ વધારેલ તથા સફાઈ અભિયાનની આગેવાની લઈ ઉમદા ઉદાહરણ પુરું પાડયું છે.

ધોળાકુવાનો યુવાન પખવાડિયાથી લાપતા

ગાંધીનગર નજીક આવેલા ધોળાકુવા ગામના મારવાડી વાસમાં રહેતા સેંધાભાઈ શંકરભાઈ રાવળ ૧૪ સપ્ટેમ્બરે સવારે પોતાના ઘરેથી પત્નિને બહાર જવાનું કહીને ક્યાંક ચાલ્યો ગયો હતો. જે આજ દિન સુધી ઘરે પરત ફર્યો નથી. એક પખવાડિયાથી તેની શોધખોળ ચાલી રહી છે. ઈન્ફોસીટી પોલીસે જાણવા જોગ નોંધીને ગુમ થનાર યુવાનની શોધખોળ શરુ કરી છે.

આદ્યશકિતની આરાધના કરાઈ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩ ગાંધીનગરની બી.એડ. અને એમ.એડ. કોલેજમાં તાલીમાર્થીઓને ગુજરાતની સંસ્કૃતિનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી તા. ૨૭-૯-૨૦૧૪ના રોજ ગરબા તેમજ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબાની રમઝટ બોલાવી હતી.

ભાજપ યુવા મોરચાના ૧ હજારથી વધુ કાર્યકર્તાઓ ચૂંટણી કાર્યમાં મહારાષ્ટ્ર જશે

૨ ઓક્ટોબર મહાત્મા ગાંધી જન્મજયંતીથી ૧૧ ઓક્ટોબર જયપ્રકાશ જયંતી દરમ્યાન યુવા મોરચા દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૩૦

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પ્રદેશ યુવા મોરચાની બેઠક આજ રોજ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે મળી હતી. આ બેઠકમાં ૨, ઓક્ટોબર મહાત્મા ગાંધી જન્મજયંતીથી ૧૧ ઓક્ટોબર જયપ્રકાશ નારાયણ જન્મજયંતી સુધી સમગ્ર ગુજરાતમાં સફાઈ ઝુંબેશ યુવા મોરચો જન આંદોલન તરીકે હાથ ધરે તે અંગે પ્રદેશ મહામંત્રી તથા રાજ્ય સરકારના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી તથા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલાએ માર્ગદર્શન આપ્યું હતું.

રાજકોટ પશ્ચિમ વિધાનસભાની પેટાચૂંટણી અને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની પેટાચૂંટણીમાં યુવા મોરચો જન સંપર્ક અભિયાન અને યુવા સંમેલન જેવા કાર્યક્રમો કરશે. રાજકોટ પશ્ચિમ વિધાનસભાની પેટાચૂંટણીમાં યુવા મોરચા દ્વારા જનસંપર્ક અભિયાન અંતર્ગત વોર્ડમાં બાઈક રેલી અને વોર્ડ સંમેલન કરશે.

આગામી ઓક્ટોબર માસમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી સંદર્ભમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણિયા બેઠકમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. યુવા મરોચા તરફથી ૧ હજારથી વધુ કાર્યકર્તાઓ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કાર્યમાં જોડાશે. યુવા મોરચાના પ્રદેશ હોદ્દેદારો, જિલ્લા/મહાનગરના પ્રભારી, પ્રમુખશ્રીઓની આ બેઠકમાં યુવા મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી તથા ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપરસ્થિત રહ્યા હતા.

રજીસ્ટ્રેશનની મુદત વધી છતાં પૂરતા ખેલાડી મળવા મુશ્કેલી

વ્યાયમ શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓમાં ખેલ મહાકુંભમાં ભાગ લેવા બાબતે નિરસતા દાખવતા હોવાનું અનુમાન

રાજ્ય સરકાર દ્વારા સતત આઠમાં વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે ચાલુ વર્ષે ખેલ મહાકુંભમાં રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીઓમાં નિરસતા વલણ જોવા મળી રહ્યું છે. રજીસ્ટ્રેશનની મુદત બે વખત વધારવામાં આવી હોવા છતાં જુજ સંખ્યામાં જ રજીસ્ટ્રેશન થયું છે. જેની પાછળ રાજ્યની મોટાભાગની શાળાઓમાં વ્યાયમ શિક્ષકોની ગેરહાજરીને જવાબદાર માનવામાં આવી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા લાંબા સમયથી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વ્યાયમ શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. ત્યારે બીજી બાજુ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે તૈયાર કરવા માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તા. ૪ ઓક્ટોબરથી ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. મહાકુંભ માટે નિશ્ચિત સમયમર્યાદા જુજ વિદ્યાર્થીઓએ જ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેના પગલે રજીસ્ટ્રેશનની મુદતમાં ૧૦ દિવસનો વધારો કરવામાં આવ્યો છે. જો કે આ મુદત વધારવા છતાં પણ ખેલાડીઓના રજીસ્ટ્રેશનમાં નહીવત વધારો થયો છે. ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓની નિરસતા અભાવને જવાબદાર માનવામાં આવે છે. શાળામાં કાયમી વ્યાયમ શિક્ષક ન હોવાના કારણે વિદ્યાર્થીઓને ખેલ મહાકુંભ માટે તૈયાર કરી શકાતા નથી. સ્થિતિને કારણે ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે સારા ખેલાડીઓ મળવાની વાત તો એક બાજુએ રહી રજીસ્ટ્રેશન કરાવવામાં પણ આંખે પાણી આવી રહ્યા છે.

સ્થાયી સમિતિની... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં ફાયર બ્રિગેડના કન્ડમ થઈ ગયેલા વાહનોની હરાજી કરવાની બાબતે પણ ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે. ૧૧થી વધુ જેટલી મહત્વની બાબતો પર આ બેઠકમાં ચર્ચાઓ થશે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં સરકારે મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત આવેલ ૩૧ કરોડના અનુદાનને લઈ જન ભાગીદારીથી કરવાના થતા કામો પર પણ ચર્ચા વિચારણા કરાશે તેમજ રાજ્ય સરકારના સામુહિક વિકાસના અભિગમને બિરદાવી આભાર માનતો એક વિશેષ પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

પૂજન અર્ચન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાસિકાથી શ્વાસમાં અગ્નીની ભયંકરત જ્વાળાઓ નીકળતી રહે છે. ગળામાં ભવ્ય માળા છે. માતાજીની ચાર ભુજાઓ છે જેમાં જમણી બાજુ ઉપરની ભુજાથી મહામાયા ભક્તોને વરદાન આપે છે. અને નીચેની ભુજાથી અભય રહેવાના આશીર્વાદ પ્રદાન કરે છે. જ્યારે ડાબી ભુજામાં તલવાર અને ખડગ ધારણ કર્યા છે. માતાજીના વાળ વિખરાયેલા છે અને આ સ્વરૂપ ગધેડા ઉપર સવાર છે દેવી માતાનું આ વિચિત્ર સ્વરૂપ ભક્તો માટે અત્યંત શુભ છે.

માઁ દુર્ગાની સાતમી શક્તિને કાળરાત્રી તરીકે ઓળખાય છે. સાતમા દિવસે સાધકનું મન 'સહસ્ત્રાર' ચક્રમાં સ્થિર હોય છે. જેથી બ્રહ્માંડની સમસ્ત સિદ્ધિઓના દ્વાર ખુલવા લાગે છે. અને માતાજીના સાક્ષાત્કારથી મળતા પુણ્યનો તે ભાગીદાર બની જાય છે. માઁ કાળ રાત્રી દુષ્ટોનો વિનાશ કરવાવાળી દેવી છે. દાનવ, ધૈત્ય, રાક્ષસ, ભુત-પ્રેત આદિ તેમના સ્મરણ માત્રથી ભયભીત થઈ દૂર રહે છે. માતાજીની પૂજા કરવા વાળાને અગ્નિભય, જળભય, જંતુભય, શત્રુભય અને રાત્રિભય ક્યારેય સતાવતા નથી. માતાજીની કૃપાથી ભક્ત હંમેશા ભયમુક્ત રહે છે તેથી માતાજીને શંભુ કરી પણ કહી છે. માઁ કાળરાત્રી આપણા જીવનમાં આવનારા તમામ ગ્રહ અને અડચણોને પણ દૂર કરે છે જેથી નવરાત્રીના સાતમા દિવસે માતાજીના આ સાતમા સ્વરૂપના પૂજનનું વિશેષ મહત્વ છે.

શબ્દાવલી - ૫૫૨૦



આડી ચાવી

૧. લક્ષ્મણજી માટે... દવા હનુમાનજી લાવ્યા (૬)
૬. ઓગળ્યા વગરનાં ગાંગડા (૩)
૭. એક પ્રકારની રોટી (૨)
૮. દેખરેખને હિન્દીમાં... કહેવાય (૪)
૧૨. ન્યાયાધીશ (૨)
૧૩. નોકર-ચાકર (૪)
૧૬. 'ભજન' શબ્દ આડો અવળો (૩)
૧૭. હાલરડું (૨)
૧૮. રહસ્ય, હકુમત (૨)
૧૯. શીશો, આયનો (૨)
૨૦. કાંસુ, ... ચંદ્રક (૨)
૨૧. સોનું, સુવર્ણ (૩)

ઊભી ચાવી

૧. તૃષ્ટિ (૩)
૨. હિન્દુ ધર્મનું પૂજનીય વૃક્ષ(૩)
૩. અધમ, હિણુ (૨)
૪. ડાકુ મોં પર બાંધે તે (૩)
૫. મા, માતા (૩)
૭. રીસાવાના અર્થમાં દુ:ખી થવું (૩)
૯. આશ્ચર્ય (૩)
૧૦. ... ત્યાં જંપ (૨)
૧૧. ગ્રહો પ્રમાણે જોવાતું ભાવિ (૪)
૧૩. ગોળ ચક્કર મારવું, ... લેવ (૪)
૧૪. જંગલ, વન (૨)
૧૫. અબરખ જેવા ચમકતા કણો (૨)
૧૭. આંખ, ચક્ષુ (૩)
૧૮. કાગડો (૨)

શબ્દાવલી ૫૫૧૯ના જવાબ

આડી ચાવી :- (૧) સરભર (૩) અમર (૬) સંપાદક (૭) માવતર (૮) સબુર (૧૦) તક (૧૧) મસલત (૧૩) વાદી (૧૪) પડાવ (૧૬) મલક (૧૯) ટચ (૨૦) દમદાટી

ઊભી ચાવી :- (૧) સરકસ (૨) ભરમાર (૩) અપાર (૪) મદ (૫) રકઝક (૬) સંતલસ (૯) બુઝદીલ (૧૦) તતડાટ (૧૧) મધ (૧૨) લપ (૧૩) વામન (૧૫) વચન (૧૭) કદ (૧૮) ગદા

ધાનેરા નગરપાલિકા
ઓન લાઈન ટેન્ડર
જાહેરા નિવિદા સને-૨૦૧૪-૧૫

નગરપાલિકા ધાનેરા દ્વારા સરકારશ્રીની ૧૩માં નાણાપંચ બે કામ જેની અંદાજીત કિંમત ૪૫.૪૨ લાખ છે. સરકારના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓન લાઈન માંગવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ રૈં://ઇંઈ્ઠિી.ર્ઇદ્ધ ઉપર તા. ૨૯/૯/૨૦૧૪ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે મંજુર / નામંજુર કરવાની આખરી સત્તા મુખ્ય અધિકારીશ્રીની રહેશે. કોઈપણ કે તમામ ટેન્ડરો કોઈપણ દર્શાવ્યા વિના રદ કરવાનો અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે. કામની મુદત ૩ (ત્રણ) માસની રહેશે.

ક્રમ	વિગત	તારીખ
૧.	ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ	તા. ૨૯/૯/૨૦૧૪થી તા. ૮/૧૦/૨૦૧૪ના રોજ ૧૮-૦૦ કલાક સુધી
૨.	ટેન્ડર ઓનલાઈન સબમીશન	તા. ૮/૧૦/૨૦૧૪ના રોજ ૧૮-૦૦ કલાક સુધી
૩.	ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ) પ્રમાણપત્ર માન્ય રહેશે નહીં) અને દસ્તાવેજો હાર્ડ કોપીમાં ચીફ ઓફીસર નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આરપીએડી/ સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ	તા. ૧૩/૧૦/૨૦૧૪ ૧૬-૦૦ કલાક સુધી
૪.	ટેન્ડર ઓપનીંગ	તા. ૧૪/૧૦/૨૦૧૪

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે. કવર ઉપર કામનું નામ તથા ટેન્ડર પહોંચાડવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરોમાં લખવાની રહેશે.

(કલ્પેશ ભટ્ટ) I/C ચીફો ઓફીસર નગરપાલિકા ધાનેરા
(વિમળાબેન બી. પુરોહિત) ચેરમેન બાંધકામ સમિતિ નગરપાલિકા ધાનેરા
(પીનાબેન એમ. પટેલ) ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા
(બળવંતજી સી. બારોટ) પ્રમુખ નગરપાલિકા ધાનેરા

જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૧૪-૧૫ (બીજો પ્રયત્ન)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૪, નિર્માણ ભવન, પમો માળ, સેક્ટર-૧૦, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૨૩૧નું કામ જેની અંદાજીત કિંમત રૂ. ૦.૬૦ લાખ સુધીની છે. આ પ્રકારની કામગીરી કરતાં અનુભવી ઈસમો પાસેથી ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો તા. ૩૦/૯/૨૦૧૪ થી ૭/૧૦/૨૦૧૪ના ૧૮-૦૦ કલાક સુધી આપવામાં આવશે અને શક્ય હશે તો તા. ૮/૧૦/૨૦૧૪ના રોજ સમય ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે. બાનાની રકમ, ટેન્ડર ફી, જરૂરી ડોક્યુમેન્ટ, પાન નંબર અને જે આધાર માંગેલ હોય તે તમામ દસ્તાવેજ રજૂ કર્યેથી ટેન્ડર કોપી ઈસ્યુ કરવામાં આવશે.

આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ અંગે વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૩૪૯/૨૦૧૪-૧૫

અદ્‌ભુત પાવાગઢ... ● ત્રીજા પાનાનું ચાલુ

સમગ્ર સર્જનમાં ધોળાકુવા ગામના આઈટીઆઈમાં અભ્યાસ કરતા યુવાન મહેન્દ્ર બુધાજી ઠાકોરનું ભેજું લાગેલું છે. તેને ઈલેક્ટ્રીક કામની જરૂરિયાત ગામના કેતન ઠાકોર દ્વારા પુરી પાડવામાં આવી છે અને આ કાર્યમાં પચ્ચીસેક જેટલા ગામના કિશોરોએ તેની મદદ કરી છે.

આ સમગ્ર મોડેલ તૈયાર કરવામાં આ યુવાનોને આશરે ત્રણેક મહિના જેટલો સમય લાગ્યો છે અને આશ્ચર્યની વાત તો એ છે કે આ આખા મોડેલમાં વેસ્ટ વસ્તુઓનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવ્યું છે. આ પાવાગઢ બનાવવામાં ૨ ટ્રેક્ટર માટી થી લઈને પત્થરો, લાકડુ, ખૂબ પ્રમાણમાં વેસ્ટેજ થર્મોકોલ, સ્ટીલની ભૂંગળીઓ, વાંસની સળીઓ, કાગળ, પ્લાસ્ટીકના ઝાડ, પશુપક્ષીઓના રમકડા વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રંગ અને રેતી તેમજ વુડન કટીંગ દ્વારા વિવિધ મોડેલ તૈયાર કરાયા છે. ખિલખિલ વહેતા ઝરણાં, રોપવેના ઉડન ખટોલા, ઝળહળતી સ્ટ્રીટલાઈટ્સ દ્વારા અનોખુ દૃશ્ય ખડું કરવામાં આવ્યું છે. મહેન્દ્ર ઠાકોરે તમામ મોડેલ્સની ડિઝાઈન જાતે તૈયાર કરી છે. રાતોના રાત સુધી ગામના મંદિરે આવેલ હોલમાં થર્મોકેલના ઝીણવટભર્યા કટીંગ અને રંગકામ દ્વારા અદ્‌ભૂત ઓપ આપ્યો છે. ત્રણેક મહિનાની આ સખત મહેનતમાં ખોડાજી ઠાકોર અને વિજય માળી સહિત ગામના યુવા કિશોરોએ તેની સતત મદદ કરી છે. આ કાર્યમાં તેણે ચાર ૨૫૦ વોટની નાનકડી મોટરો, એક પાણીની મોટર અને અસંખ્ય એલઈડી લાઈટ્સનો ઉપયોગ કર્યો છે. આ આખુ મોડેલ છુટક છુટક તૈયાર કર્યા પછી તેને એક જગ્યાએ ગોઠવી કુદરતી ઓપ આપવામાં જ બીજા ૨૦-૨૫ દિવસનો સમય લાગ્યો છે. આમ આખો પાવાગઢ બનાવવામાં સાડા ચાર મહિનાનો તેમજ લગભગ દસથી બાર હજાર રૂપિયાનો ખર્ચ પણ થવા પામ્યો છે. જો કે આ ખર્ચ ગ્રામજનો અને અન્ય મુલાકાતીઓના સહકારથી ઉઠાવાયો છે. જેમણે મહેન્દ્રને આ કાર્ય માટે પ્રોત્સાહન પુરૂ પાડ્યું છે. ગાંધીનરના પાદરે નાનકડા ગામમાં આવુ સુંદર સર્જન નગરજનોએ અચૂક બાળકો સહિત નિહાળવા જેવું છે. જેના થકી બાળકોને સર્જનાત્મકતાની પ્રેરણા જરૂરથી મળશે અને કળા કોઈ શહેર કે વૈભવી જીવનની મોહનાજ નથી તેનો જીવતો જાગતો પુરાવો પણ અચૂક મળશે જ.

ટુંકી જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૧૪-૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજિત કિંમત રૂ. ૧.૩૨ લાખ થી રૂ. ૧.૮૮ લાખ સુધી રકમના કુલ-૨ (બે) કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૮/૧૦/૨૦૧૪ રહેશે અને ભરેલા ટેન્ડર રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૪/૧૦/૨૦૧૪ છે. શક્ય હશે તો ભરાઈને મેળવેલ ટેન્ડર તા. ૧૪/૧૦/૨૦૧૪ના રોજ ૪-૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જરૂર જણાયે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૧૩૪૧/૨૦૧૪-૧૪

જાહેર નિવિદા

નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગરની કચેરીમાં ઝેરોક્ષ મશીન ઓપરેટર સાથે મુકીને ઝેરોક્ષની કામગીરી કરવા માટે વાર્ષિક ધોરણે રેઈટ કોન્ટ્રાક્ટ આપવાનો હોવાથી ઝેરોક્ષની કામગીરી કરવાનો ધંધો કરતા સ્થાનિક ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો આ કચેરીના નોટીસ બોર્ડ ઉપરથી જોઈ શકાશે.

સદરહુ ઝેરોક્ષ કામ માટેના ફોર્મ ફી રૂ. ૧૦૦/- (એકસો) (નોન રીફંડેબલ) ભરી આ કચેરીમાંથી તા. ૭/૧૦/૨૦૧૪ થી તા. ૧૫/૧૦/૨૦૧૪ સુધી ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. રજૂ થયેલ ભાવપત્રકો તા. ૨૪/૧૦/૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરીના મીટીંગ રૂમમાં ઈજારદારોની રૂબરૂમાં ખોલવામાં આવશે. ઈજારો મંજૂર / નામંજુર કરવાની સત્તા નિયામકશ્રી નગરપાલિકાઓને અબાધિત રહેશે.

સહી/-
નિયામક, નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૩૨૭/૨૦૧૪-૧૫